**-:: આંક – ૧ અન્વયે હુકમ ::-**

**ફોજદારી કેસ નંબર :- ૧૬૨/૨૦૨૫**

***-:: હુકમ ::-***

**૧)** સદર કામે ફરીયાદ પક્ષના કેસની ટુકમાં હકીકત એવી છે કે, સદર કામના ફરીયાદી દ્વારા હાલના આરોપીઓ (નંબર - ૧ થી ૬) સામે સમાન વેતન અધીનીયમ - ૧૯૭૬ અને અધીનીયમ હેઠળના ગુજરાત નીયમો - ૧૯૭૬ ના નીયમ - ૬ ના ભંગ અન્વયે અધીનીયમની કલમ - ૧૦(૧) હેઠળ શીક્ષાને પાત્ર ગુના સદર્ભે ની ધોરણસર ફરીયાદ આ અદાલતમાં દાખલ કરેલ હોય અને તે સદર્ભે સમન્સ ઇશ્યુ કરવામાં આવેલ. સદર કામે આજરોજ આરોપી નંબર - ૦૩ અને ૦૬ જાતે હાજર થયેલ હોય અને પોતાના પુરતો ગુનો કબુલ કરવા માગતા હોવાનુ જણાવી તેના દ્વારા ગુના ની કબુલાત પુરશીસ રજુ રાખેલ છે અને તેમા જણાવ્યા મુજબ તેઓ સ્વૈચ્છાએ અને રાજી-ખુશીથી પોતાનો ગુનો કબુલ છે, તેમજ ભવીષ્યમાં આવો ગુનો ફરીથી નહી કરે તેવી ખાત્રી આપેલ છે અને રહેમ રાખી ઓછામાં ઓછી શીક્ષા કરવા અરજ કરેલ છે.

**૨)** આરોપીઓ એ ગુના ની કબુલાત પુરશીસ રજુ કરતા આરોપીને સમજાવવામાં આવેલ કે તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલ નથી અને તેઓ ગુનો કબુલ કરશે તો આવી કબુલાત તેઓ વીરુધ્ધ પુરાવા તરીકે ઉપયોગમાં લેવાશે, આમ છતા આરોપી નંબર - ૦૨ હિમાંશુ એસ. જૈન પોતાને ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે, ત્યારબાદ હાજર રહેલ આરોપી ની પ્લી રેકર્ડ કરવામાં આવતા તેમા પણ આરોપી પોતાની સામેનો ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે, આમ આરોપી સ્વૈચ્છીક રીતે પોતાનો ગુનો કબુલ કરતા હોવાનુ જણાય છે.

**૩)** ઉપરોકત રજુઆત તથા કેસની હકીકત લક્ષમાં લેતાં તેમજ આરોપી નંબર - ૦૩ અને ૬ એ કરેલ રજુઆત મુજબ તેને પોતાના ગુના બલદ પારાવાર પસ્તાવો થયેલ હોય અને અગાઉ કોઇ ગુનો ન કરેલા નુ આરોપી દ્વારા જણાવેલ હોય, તેમજ રેકર્ડ જોતા જણાય આવે છે કે, **સદરહુ આરોપી સીવાય ના આરોપી નંબર - ૧, ૨, ૪ અને ૫ દ્વારા અગાઉ ગુનો કબુલ કરી લીધેલ હોય,** આમ ઉપરોકત તમામ હકીકતો લક્ષમાં લેતા આરોપીને શીક્ષાત્મક સજા કરવાને બદલે દંડાત્મક શીક્ષા કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાઇ રહેશે તેવુ અત્રેની કોર્ટનુ માનવુ છે. સવીશેષ નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વીરુધ્ધ નટવર હરચંદજી ઠાકોર, ૨૦૦૫(૧) જી.એલ.આર. - ૭૦૯ નાં ચુકાદામાં પ્રસ્થાપીત કરેલ સીધ્ધાંત લક્ષમાં લેતાં, અને આરોપી દ્વારા કરેલ કબુલાત ને લક્ષમાં લેતા હાલના આરોપી વીરુધ્ધ ગુનો સાબીત થયેલ છે, તેમજ તેની રજુઆત ને તથા ઉપરોકત હકીકતો લક્ષમાં લઇ ન્યાય ના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**-:: હુકમ ::-**

**૧)** સદર કામે આરોપી નંબર - ૦૩ અને ૦૬ ને ફોજદારી કાર્યરીતી અધીનીયમ ની કલમ – ૨૫૨ અન્વયે સમાન વેતન અધીનીયમ - ૧૯૭૬ અને અધીનીયમ હેઠળના ગુજરાત નીયમો - ૧૯૭૬ ના નીયમ - ૬ ના ભંગ અન્વયે અધીનીયમ ની કલમ - ૧૦(૧) હેઠળ તકસીરવાન ઠરાવીને નીયમ ના ભંગ બદલ **દરેક આરોપી ને રૂપીયા ૭,૦૦૦/- (સાત હજાર પુરા) દંડ ની સજા ફરમાવુ છુ.** અને જો દંડ ન ભરે તો દીન – ૧૦ ની સાદી કેસની સજા ભોગવવા નો આથી હુકમ કરવામાં આવે છે.

**૨) આરોપી નંબર - ૩ અને ૬ એ કુલ રૂપીયા ૧૪,૦૦૦/- (ચૌદ હજાર પુરા) દંડ ભરવો.**

હુકમ આજરોજ તારીખ – ૦૭/૦૩/૨૦૨૬ ના રોજ વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ :- ૦૭/૦૩/૨૦૨૬**

**સુરત.**

**(હાર્દીક દીલીપભાઇ રાજપુરા)**
**એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**
**એન્ડ લેબર જજ, કોર્ટ નંબર - ૪**
**સુરત.**
**(CODE NO.GJ01291)**